## આપનું સપ્તાહ કેવું જશે? તા.૧૮/૦૫/૨૦૨૬ થી તા.૨૪/૦૫/૨૦૨૬ સુધી


લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં પરિવારમાં તાલમેળ રહેવાથી વારસાગત અને કૌટુંબિક ધંધામાં પ્રગતિ થાય. આર્થિક બાબતે ચોક્કસ બનશો. કેરીયરમાં ચડતીપડતી રહે. છતાં નવી તક મળે અને જીવનસાથી સાથે સંતાનોના કેરીયરની યોજના પાર પડશે. ટ્યુશન ટેકનોલોજી, દલાલી જેવા કામમાં લાભ થાય. વારસાના કામમાં ગતિ આવે. પ્રેમમાં ગેરસમજ થાય. કોઈ હરીફાઈમાં ભાગ લેવાનું બને.




**વૃષભ (બ,વ,ઉ):** ચાલુ વીકમાં ઉત્સાહજનક પ્રગતિથી વહીવટી અને વ્યાવહારિક કામમાં અનુકૂળતા રહે તથા નોકરીમાં નવી તક કે પગાર વધારો મળે. આર્થિક બચતની યોજના બને. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નોકરી કે ધંધા માટેની યોજના પાર પડી શકે તેમજ પ્રવાસ, પર્યટન જેવા કામમાં પ્રગતિ થાય. મિત્રો સાથે વેપાર-વ્યવસાયની યોજના બને. બહારના કામનો બોજ રહે.




**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ દરમિયાન કામનો બોજ રહેવાથી આરોગ્ય નરમ રહે. આળસના કારણે આરામ કરવાનું મન થાય. સમાજ જીવનમાં પ્રગતિ થાય. રંગીન અને રોમેન્ટિક મુલાકાત થાય. દાંપત્ય જીવનમાં પ્રેમ વધે. નવી નોકરી મળે. પારિવારિક ધંધામાં આવક વધે. મોજ-શોખના ધંધામાં નવી તક મળે. મિત્રો સાથે વિવાદ થાય.




**કર્ક (ડ,હ):** ચાલુ વીક પ્રેમ પ્રકરણોમાં અશાંતિ પેદા કરનાર રહેશે. મિત્રો સાથે વિવાદથી મન અશાંત રહે. શેર બજારના કામમાં તક મળે. વિદેશ પ્રવાસ અને ધાર્મિક પ્રવાસના કામમાં ગતિ આવશે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. સમાજસેવાથી મનને શાંતિ મળે. આધુનિક ટેકનોલોજીથી લાભ થાય. શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉધારણી આવવાથી રાહત રહે.




**સિંહ (મ,ટ):** સપ્તાહ સમાજજીવનમાં અશાંતિ પેદા કરશે. સ્વતંત્ર ધંધામાં લાભ થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. નોકરિયાતની જવાબદારી વધે. મિત્રો સાથે વિવાદ થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. વેપાર ધંધા બાબતે વડીલોની મદદ મળે. ગુપ્ત ભય સતાવે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં ખાસ સાવધાની રાખવી. ઉંમરલાયકના વિવાહ થઈ શકે છે.



**કન્યા (પ,ઠ,ણ):** સપ્તાહ નવું શીખવા અને નવી ટીમ સાથે કામ કરવાની તકવાળું રહેશે. નોકરીમાં પ્રભાવ વધે. અચાનક મદદ મળે. મિત્રો સાથે વ્યવસાય કે ટેકનોલોજીને લગતાં કામની યોજના બને. ખાણી-પીણી-મોજ-શોખ, બ્યુટિપાર્લર કે ગારમેન્ટ્સ જેવા ધંધામાં આવક વધશે. વિદ્યાર્થીઓની પરીક્ષા સફળ રહે. શેરબજારનાં કામ થાય. પ્રેમમાં સહકાર મળે. વિશ્વાસ વધે.



**તુલા (ર,ત):** ચાલુ વીકમાં સરકારી કામ, વીલ, વારસો, વીમા એજન્સીને લગતાં કામ પાર પડશે. ઉધારણી આવી શકે છે. ધાર્મિક સાહિત્ય, તીર્થયાત્રાને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. નોકરીમાં નવી તક ઊભી થાય. પ્રેમમાં ગેરસમજથી અશાંતિ વધે. મિત્રોનો સાથ રહેશે.



**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ દરમિયાન પ્રેમવિવાહમાં મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નોકર-ચાકરથી સાવધાન રહેવું. ઉધાર લેવાનું ટાળવું. નોકરીમાં પ્રમોશન થઈ શકે. વિદેશને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. આવક વધારવાની યોજના પાર પડે. પ્રવાસ થાય.



**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ દરમિયાન કામનો બોજ વધે. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં ગતિ આવે. નોકરી-ચાકરથી નુકસાન થઈ શકે છે. જીવનસાથી સાથે સામાજિક કામ થાય. જાહેર જીવનમાં અશાંતિ વધે. પ્રેમપ્રકરણમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. સરકારી યોજનાના લાભ મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી મનને શાંતિ મળે.



**મકર (ખ,જ):** સપ્તાહ વિદ્યાર્થીઓને શુભ સમાચારવાળું અને મિત્રો સાથે મનોરંજનવાળું રહે. પ્રવાસમાં સાવધાન રહેવું. મોજ-શોખના ધંધામાં આવક વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. માતાના આરોગ્યની સમસ્યા સતાવે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. રોજના કામમાં મદદ મળે. રોજની આવક વધે.



**કુંભ (ગ,સ,શ,ષ):** ચાલુ વીકમાં નવા કામ માટેની તકો ઊભી થાય. કેરીયરમાં પ્રગતિ થાય. નવા ફેરફારથી પ્રભાવ વધે. નવા મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. મોજ-શોખ અને શિક્ષણને લગતાં ધંધામાં આવક વધે. શેર બજારમાં કામ થાય. સંતાનોની પ્રગતિ થાય. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ મળે. સરકારી કામમાં મદદ મળે. ઘરના કામનો બોજ વધે.



**મીન (દ,ચ,ઝ,થ):** ચાલુ વીક વહીવટી કુશળતા અને વ્યાવહારિક તથા બીજાને મદદરૂપ થાય તેવા કામમાં વ્યસ્ત રહેવું પડશે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઘર-પરિવારને મદદરૂપ બનશો. નવા ઘર, ઓફિસની યોજનામાં પ્રગતિ થાય. નોકરીમાં નવા ફેરફારથી બહારના કામનો બોજ વધશે. વડીલોની મદદ વારસાના કામમાં મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે. શુભ સમાચાર મળે. ગુપ્ત ભય સતાવે.

# વિજય થલાપતી - અભિનેતામાથી નેતા



જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે રાજકારણમાં સફળતા માટે સત્તા અને પ્રશાસન કૂટનીતિ માટે સૂર્ય વિજય થલાપતિની પ્રાપ્ત મિથુન લગ્નની કુંડલીમાં પરાક્રમ અને સાહસ તથા આત્મવિશ્વાસના કારક ત્રીજાનો માલિક સૂર્ય થાય છે અને તે દેહભુવનમાં રાહુના નક્ષત્રમાં લગ્નેશ બુધ અને ભાગ્યેશ શનિ સાથે છે. સાહસ અને શક્તિ-ઊર્જાનો કારક મંગળ બીજ ચંદ્ર સાથે નીચભંગ રાજયોગ કરે છે. જનતાની ચાહના અને અનુશાસનનો કારક શનિ કેન્દ્રમાં અને કૂટનીતિનો કારક રાહુ છઠ્ઠે બળવાન બને છે અને તે બુધના નક્ષત્રમાં છે. બુધ અને રાહુનો નક્ષત્ર પરિવર્તન યોગ થાય છે.

કોઈ પણ ક્ષેત્રમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ બળવાન હોવા જરૂરી છે તેમાંય રાજકારણમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ મજબૂત હોવા એ પ્રથમ પગથિયું છે. વિજય થલાપતિનો લગ્નેશ બુધ લગ્નમાં પંચ મહાપુરુષમાંનો એક એવો શુભ ભદ્રયોગ કરે છે અને તે કર્મેશ ગુરુની દૃષ્ટિમાં બળવાન બને છે.

આ ભદ્રયોગના ગુણ વિજય થલાપતિમાં જોવા મળે છે. તે એક સફળ કલાકાર અને જનતાના દિલમાં સ્થાન આપનાર યોગ છે. ધીરજ અને કુશળતા આ યોગનું પ્રથમ લક્ષણ છે. આ યોગમાં જન્મનાર ચોક્કસ સમાજમાં પોતાનું સ્થાન પેદા કરે છે. વાતાવરણ પ્રમાણે આ યોગવાળો અગ્રગણ્ય વ્યક્તિત્વ સમાજમાં પ્રાપ્ત કરે છે. જગવિખ્યાત આ યોગના કારણે જ થયો છે અને આ ભદ્રયોગના કારણે તે પોતાને સભ્ય બનાવીને સભ્ય ઈમેજ ઊભી કરવામાં સફળ થયો છે.

વિજય થલાપતિની મિથુન લગ્નની ચલિત કુંડલી વધુ બળવાન બને છે. ચલિતમાં દેહ ભુવનમાં લગ્નેશ બુધ, સૂર્ય, શનિની સાથે કેતુ અને સામે રાહુ તથા કેન્દ્રમાં દસમે ગુરુ હંસ યોગ નામના શુભ બળવાન યોગ કરે છે. હંસયોગ જાતકને સમાજ અને સમાજની બહાર અથવા દેશ અને વિદેશમાં લોકપ્રિય બતાવે છે. આર્થિક અને સત્તાની દૃષ્ટિએ સફળતા આપે છે. ભદ્ર અને હંસયોગના કારણે કલાક્ષેત્રે સિદ્ધિ મળી અને પ્રજાના દિલમાં અમર સ્થાન મળ્યું છે. ટૂંકમાં જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે તેની કુંડલીમાં યોગો છે અને તેના કારણે જ ગણતરીપૂર્વક અને કુનેહપૂર્વક સામાજિક જીવનમાં પ્રવેશ થયો છે અથવા પ્રવેશવામાં સફળ થયો છે.

જ્યોતિષશાસ્ત્રમાં આત્મકારક ગ્રહનું ઘણું જ મહત્ત્વ છે. કોઈ પણ માણસ કે વ્યક્તિના જન્મનો શો હેતુ છે અથવા તે કેવા પ્રકારનાં કામ કરવા જન્મ્યો છે. ટૂંકમાં જીવનયાત્રાનો હેતુ શું છે તે આત્મકારક ગ્રહ બતાવે છે અને જે તે જાતકનું આંતરિક વ્યક્તિત્વ કેવું છે તે આત્મકારક ગ્રહ બતાવે છે. આત્મકારક ગ્રહ જાતકના આત્માનો અરીસો છે અને તે ક્યા રસ્તે જવાનું છે તેનું નિર્દેશન કરે છે.

વિજય થલાપતિનો આત્મકારક ગ્રહ ગુરુ છે માટે તે પોતાની ઈમાનદારી છોડશે નહીં. પોતાના સર્વહિત ઉચ્ચ સિદ્ધાંતો પ્રમાણે લોકોની સેવા કરશે. તેને સાચા સલાહકાર મળશે. અધ્યાત્મ અને જ્ઞાનની પરિભાષાને સમજીને વ્યાવહારિક રસ્તે ચાલવાની તીવ્ર ઈચ્છા રહેશે અને વાતાવરણ પણ એવું જ મળશે. ઉત્તમ કે ઉમદા ઈન્સાનની તેની ઈમેજ કાયમ રહેશે.

કારકોશ કુંડલીમાં આત્મકારક ગ્રહ ગુરુ પ્રથમ ભાવમાં વૃષભ રાશિમાં તથા દસમે શનિ-રાહુની યુતિ અને ભાગ્યમાં શુક્ર તથા સાતમે સ્વગ્રહી મંગળ કારકોશ કુંડલી જ જાતકના ભાવિ તથા કેરીયર, અધ્યાત્મ, સામાજિક પ્રવૃત્તિ, આર્થિક સમૃદ્ધિ, પરિવાર અને સમાજમાં પ્રતિષ્ઠા વગેરે નક્કી કરે છે. કારકોશમાં શુક્ર લગ્નેશ છે અને તે ભાગ્યમાં ગુરુની દૃષ્ટિમાં છે. નવેમ્બર-2018થી નવેમ્બર-2038 સુધીની મહાદશા આ શુક્રની છે અને આના કારણે જ જીવનમાં અચાનક પરિવર્તન આવ્યું. કારકોશમાં દસમું સ્થાન ખૂબ જ બળવાન બને છે. ત્યાં રાહુ શનિની યુતિ પર મંગળની દૃષ્ટિ રાજકારણ કે જાહેર જીવનમાં ઉચ્ચ સ્થિતિ અને કાયમ વિજયી યોગ કરે છે. કારકોશ કુંડલીમાં આઠમું સ્થાન જીવનમાં પરિવર્તનનું પ્રતીક માનવામાં આવે છે. જીવનમાં અચાનક કલ્પના બહારનું પરિવર્તન કે ટર્નિંગ પોઈન્ટનું આ સ્થાન છે. તેનો માલિક ગુરુ આત્મકારક છે અને આઠમે સત્તાનો કારક સૂર્ય છે.

02-02-2024માં Tamilaga Vettri Kazhagem-TVK ની સ્થાપના વખતે શુક્રની મહાદશામાં કારકોશમાં સ્વગ્રહી બનતાં ચંદ્રની અંતર દશામાં રાજકારણમાં લાવનાર શનિની પ્રતિ અંતર દશાની 28-12-2025એ ફિલ્મ દુનિયામાંથી સંન્યાસ લીધો ત્યારે પણ પ્રતિ અંતર દશા ચંદ્રની હતી. અંતરદશા મંગળની હતી. જાન્યુઆરી 2026થી જાન્યુઆરી 2029 સુધીની બળવાન રાહુ જે રાજનીતિમાં સફળ બનાવનારની શુક્રની મહાદશામાં રાહુની ચાલે છે. જે સંકેત આપે છે કે કોઈ પણ હરીફનું કંઈ જ ચાલશે નહીં. કૂટનીતિનો કારક રાહુ મૂળ, કુંડળી, નવયોગ અને કારકોશમાં ખૂબ જ બળવાન બને છે. માટે **અનેક સમસ્યાઓ છતાં પોતાની મેળે રસ્તા, નીકળતા જશે.** સરકાર રચવામાં અનેક વિઘ્નો આવ્યા છતાં નિર્વિઘ્ને તા. 10-05-2026 અને શપથ લઈને શુભ શરૂઆત કરી ત્યારે પણ મિથુન લગ્નમાં ગુરુની સ્થિતિ છે. **કુંડલી પ્રમાણે એક પ્રજાહિતેચ્છિક નેતા તરીકે રાજ કરવાના યોગ છે.**

**કોઈ પણ ક્ષેત્રમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ બળવાન હોવા જરૂરી છે તેમાંય રાજકારણમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ મજબૂત હોવા એ પ્રથમ પગથિયું છે. વિજય થલાપતિનો લગ્નેશ બુધ લગ્નમાં પંચ મહાપુરુષમાંનો એક એવો શુભ ભદ્રયોગ કરે છે અને તે કર્મેશ ગુરુની દૃષ્ટિમાં બળવાન બને છે**

# અમદાવાદમાં 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક' અને GREMI સિટી કેમ્પસનું અમિત શાહના હસ્તે ઉદ્ઘાટન

### AI, ડીપટેક અને સર્વિસ સેક્ટરમાં ગુજરાતને વૈશ્વિક હબ બનાવવા દિશામાં મહત્વપૂર્ણ પગલું

અમદાવાદ : કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહે આજે અમદાવાદમાં નવનિર્મિત 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' અને GREMI સિટી કેમ્પસનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા ડે સીએમ હર્ષ સંઘવી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જનમેદનીને સંબોધતા અમિત શાહે જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને ડીપટેક જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં વૈશ્વિક નેતૃત્વ તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ મોદી સરકાર રોબોટિક્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સેમીકંડક્ટર્સ, AI, ઓટોમેશન, સાયબર સિક્યોરિટી, ડિફેન્સ અને સ્પેસ ટેકનોલોજી જેવા ક્ષેત્રોને ઝડપી પ્રોત્સાહન આપી રહી છે. શાહે જણાવ્યું હતું કે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને સાહસિકતા ક્ષેત્રે દેશને નવી દિશા આપી છે. હવે રાજ્યને સર્વિસ સેક્ટરમાં પણ ટોચના રાજ્યોમાં સ્થાન અપાવવાનો લક્ષ્યાંક છે. તેમણે ઉમેર્યું કે અમદાવાદને બેંગલુરુ, હૈદરાબાદ, પુણે અને ગુરુગ્રામ જેવી ટેક સિટીઝની હરોળમાં લાવવા માટે આવા આધુનિક ટેક પાર્ક્સ અત્યંત જરૂરી છે.

લગભગ રૂ.1,100 કરોડના ખર્ચે 13.5 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસાવવામાં આવેલા 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' અંગે તેમણે જણાવ્યું કે તેના પ્રથમ તબક્કામાં 9,000 હાઈ-સ્કિલ્ડ પ્રોફેશનલ્સ માટે અત્યાધુનિક ઈકોસિસ્ટમ ઉપલબ્ધ બનશે. સાત તબક્કામાં અંદાજે રૂ.15,000 કરોડના રોકાણ સાથે આ પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષમાં 63,000થી વધુ ઉચ્ચ-મૂલ્ય ધરાવતી નોકરીઓનું સર્જન કરશે તેવી અપેક્ષા છે.શાહે જણાવ્યું હતું કે 65 એકરના આ પ્રોજેક્ટમાં 50 ટકા જગ્યા કોમર્શિયલ ઉપયોગ માટે ફાળવવામાં આવી છે, જેમાં મોલ, હોટેલ અને રહેણાંક સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. આ સંપૂર્ણ સંકલિત ટેક પાર્ક ઈકોસિસ્ટમ ગુજરાતમાં સર્વિસ સેક્ટરને નવી ઊંચાઈ પર લઈ જશે.

આ પ્રસંગે તેમણે ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (GREMI) કેમ્પસનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે જણાવ્યું કે ટાઉન પ્લાનિંગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં આધુનિક વિચારસરણી અને કાર્યક્ષમ નેતૃત્વ તૈયાર કરવા GREMI મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. મોદી સરકારના અર્બન પ્લાનિંગ સુધારાઓએ દેશમાં ટાઉન પ્લાનિંગના નવા યુગની શરૂઆત કરી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

30 હજાર ચોરસ ફૂટના આ કેમ્પસમાં પ્રથમ તબક્કામાં 300 વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે, જ્યારે થોળ તળાવ નજીક 100 એકરમાં રૂ.500 કરોડના ખર્ચે મુખ્ય કેમ્પસ વિકસાવવામાં આવશે.

અમિત શાહે જણાવ્યું કે ટેક પાર્ક્સ અને GCCs (ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ) ના વિકાસ દ્વારા ગુજરાત અને સમગ્ર દેશમાં સર્વિસ સેક્ટરને મજબૂત બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ બંને પ્રકલ્પો ગુજરાતને અદ્યતન ટેકનોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં અનેક કદમ આગળ લઈ જશે.

# અમદાવાદ એરપોર્ટ પરથી 6 કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

### **કેરળના** બે પ્રવાસી પાસે દાણચોરીની વિદેશી સિગારેટનો જથ્થો કબજે કરાયો

અમદાવાદ : અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પર આજે વહેલી સવારે અને ત્યારબાદ આવેલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોમાં બે અલગ અલગ કાર્યવાહીમાં હાઈબ્રીડ ગાંજો અને વિદેશી સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

ચોક્કસ ગુપ્ત માહિતી અને પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ 16 અને 17 મેની મધરાતે થાઈ એરવેઝની ફ્લાઈટ TG-343 દ્વારા બેંગકોકથી અમદાવાદ આવેલા એક ભારતીય પ્રવાસીને રોકી પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મુસાફરની ટ્રોલી બેગમાંથી લીલા રંગના સૂકા છોડ જેવા પદાર્થવાળા 6 વેક્યુમ સીલ પેકેટ મળી આવ્યા હતા.પરીક્ષણમાં આ પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. કુલ 6.540 કિલોગ્રામ હાઈબ્રીડ ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે 6 કરોડથી વધુ હોવાનું માનવામાં આવે છે. સમગ્ર જથ્થો કસ્ટમ્સના એર ઈન્ટેલીજન્સ યુનિટ દ્વારા NDPS Act, 1985 હેઠળ જપ્ત કરવામાં આવ્યો છે અને પ્રવાસીની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલ પ્રવાસી છત્તીસગઢના રાયપુરનો રહેવાસી નદીમ છે અને તેની આ પ્રથમ વિદેશ યાત્રા હતી. તપાસમાં જાણવા મળ્યું કે તે દિલ્હીથી બેંગકોક ગયો હતો અને ત્યાંથી ટ્રોલી બેગમાં હાઈબ્રીડ ગાંજો છુપાવીને અમદાવાદ લાવ્યો હતો. કસ્ટમ વિભાગને અગાઉથી જ ચોક્કસ બાતમી મળતા આ પ્રવાસી પર નજર રાખવામાં આવી રહી હતી.

કસ્ટમ્સના સૂત્રોના જણાવ્યા મુજબ ટ્રોલી બેગની બંને બાજુ ક્રોસનું નિશાન લગાવવામાં આવ્યું હતું, જેના આધારે કસ્ટમ અધિકારીઓએ તેને ઓળખી કાઢ્યો હતો. કન્વેયર બેલ્ટ પરથી બેગ ઉઠાવવામાં મુસાફર દ્વારા કરવામાં આવેલી હચકચાહટ પણ અધિકારીઓ માટે શંકાનું કારણ બની હતી. હાલ ગાંજો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોના માટે લાવવામાં આવ્યો હતો અને આ પાછળ કોઈ આંતરરાષ્ટ્રીય નેટવર્ક કાર્યરત છે કે કેમ તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

બીજી તરફ આજે વહેલી સવારે ઈતીહાદ એરવેઝની ફ્લાઈટ EY-246 દ્વારા અબુધાબીથી અમદાવાદ આવેલા કેરળના બે પ્રવાસી પાસેથી વિદેશી સિગારેટનો મોટો જથ્થો પણ ઝડપી પાડવામાં આવ્યો હતો. બંને મુસાફરોમાંથી એક મલપ્પુરમ અને બીજો કોઝિકોડનો હોવાનું સામે આવ્યું છે.તપાસ દરમિયાન તેમની ટ્રોલી બેગમાંથી "મૅન્ચેસ્ટર" અને "ડનહિલ" બ્રાન્ડની કુલ 16,600 વિદેશી સિગારેટ મળી આવી હતી. અંદાજે 3 લાખની કિંમતનો આ જથ્થો કસ્ટમ્સના અધિકારીઓની ટીમ દ્વારા Customs Act, 1962 હેઠળ જપ્ત કરવામાં આવ્યો છે.

# સુરેન્દ્રનગર અને રાજકોટમાં સૌથી વધુ 43 ડિગ્રી તાપમાન

### **ગુજરાતમાં** ગરમીનો પ્રકોપ યથાવત્

### **અમદાવાદમાં** 44 ડિગ્રીની ચેતવણી

અમદાવાદ : ગુજરાતમાં ઉનાળાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. છેલ્લા 24 કલાકની સરખામણીએ રાજ્યના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં 1 થી 4 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હવામાન વિભાગના આંકડા મુજબ આજે સુરેન્દ્રનગર અને રાજકોટ રાજ્યના સૌથી ગરમ શહેરો રહ્યા હતા, જ્યાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

અમદાવાદ, અમરેલી અને વલ્લભ વિદ્યાનગરમાં પણ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાતા બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બન્યા હતા. ગાંધીનગર અને વડોદરામાં 41 ડિગ્રી, જ્યારે સુરતમાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. કચ્છના ભૂજ અને કંડલા એરપોર્ટ પર પણ 41 ડિગ્રી સુધી ગરમીનો પારો ચડ્યો હતો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત અને કચ્છના ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું નોંધાયું છે. આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમ છતાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી 40 ડિગ્રીથી વધુ તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની આગાહી કરી છે. શહેરમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.રાજ્યમાં વધતી ગરમીને પગલે આરોગ્ય નિષ્ણાતોએ લોકોને બપોરે 12 થી 4 દરમિયાન અનાવશ્યક બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવા અને સીધી ગરમીથી બચવા સલાહ આપી છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં વધતી ગરમી અને હવામાં ઊંચા ભેજના પ્રમાણને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. 17 અને 18 મે દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતના કોસ્ટલ વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે લોકોને ઉકળાટ અને ભારે અસહજતા અનુભવાઈ શકે છે.

હવામાનની સ્થિતિ અંગે વિભાગે જણાવ્યું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સિસ્ટમ આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. આગામી 2 થી 3 દિવસમાં ચોમાસુ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોમાં આગળ વધે તેવી શક્યતા છે. સાથે જ કેરળમાં 26 મે આસપાસ ચોમાસુ બેસી શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેમાં 4 દિવસનો ફેરફાર શક્ય છે.

રાજસ્થાન અને મધ્ય પ્રદેશ ઉપર સર્જાયેલી અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન તેમજ પશ્ચિમ ઈરાન તરફ સર્જાયેલી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વચ્ચે ગુજરાતમાં હાલ નીચલા સ્તરે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશાના ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ગરમીનો પ્રકોપ વધ્યો છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### મોદી વિખ્યાત...

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે: અમે ભારતમાં આધુનિક ટેક્નોલોજી લાવવા માટે પ્રતિબદ્ધ છીએ, જેનો હેતુ સિંચાઈ, પૂર સામે રક્ષણ અને અંતર્દેશીય જળમાર્ગ નેટવર્કના વિસ્તરણમાં મદદ કરવાનો છે. અફસ્લુઈટડીક ડેમને શ્રેષ્ઠતા અને નવપ્રવર્તનનું પ્રતીક ગણાવતા વિદેશ મંત્રાલયે જળ વ્યવસ્થાપન, પૂર સંરક્ષણ અને મીઠા પાણીના સંગ્રહમાં તેની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

### રતલામ નજીક રાજધાની...

હર્ષિત શ્રીવાસ્તવે પીટીઆઈને ફોન પર જણાવ્યું કે, રેલવેના કોટા ડિવિઝન હેઠળના વિક્રમગઢ આલોટ અને લુનીરિછા સ્ટેશનો વચ્ચે સવારે ૫.૧૫ વાગ્યે ટ્રેનના B-1 કોચમાં આગ લાગી હતી અને તેના કારણે પાછળ આવેલા લગેજ-કમ-ગાર્ડ વાન (સામાન અને ગાર્ડનો ડબ્બો)ને પણ નુકસાન થયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૬૮ મુસાફરોને લઈને જઈ રહેલા આ કોચને ૧૫ મિનિટની અંદર ખાલી કરાવી દેવામાં આવ્યો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી. રેલવે સત્તાવાળાઓએ તાત્કાલિક ઓવરહેડ વીજ પુરવઠો બંધ કરી દીધો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત કોચને પાછળથી ટ્રેનમાંથી અલગ કરવામાં આવ્યો હતો અને ટ્રેન સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ આગળની મુસાફરી માટે રવાના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ઘટના બાદ કેટલીક ટ્રેનોને અલગ-અલગ સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી અને સાત કલાકથી વધુ સમય બાદ ટ્રેનોની અવરજવર સામાન્ય થઈ શકી હતી.

### આગ લાગવાના...

અધિકારીઓએ જણાવ્યું કે, ઘાયલ વ્યક્તિઓને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા અને ત્યાર બાદ તેમને રાજસ્થાનના કોટા ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

### હોર્મુઝ પાર...

એક ક્રૂડ ઓઈલ ટેન્કર સહિત ભારતીય ધ્વજ ધરાવતા ૧૩ જહાજોએ હોર્મુઝની સામુદ્રધુની ઓળંગી છે. ઓમાનના દરિયાકાંઠાની નજીક આવેલો આ એક સાંકડો જળમાર્ગ છે, જેમાંથી વિશ્વના ઊર્જા પુરવઠાનો અંદાજે પાંચમો ભાગ પસાર થાય છે.

૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયેલા પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે આ માર્ગ ગંભીર રીતે પ્રભાવિત થયો છે, જેમાં અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર સંયુક્ત હુમલા કર્યા હતા, જેના કારણે વળતા પ્રહારો થયા હતા. તેના પરિણામે તાજેતરના દાયકાઓમાં વિશ્વએ જોયેલી સૌથી ભયંકર ઊર્જા કટોકટી સર્જાઈ છે.

દરમિયાન, ઊર્જા અને પુરવઠાના પ્રવાહને સુરક્ષિત રાખવા અંગે સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદની એક વિશેષ બેઠકમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વતનેની હરીશે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં વાણિજ્યિક શિપિંગને નિશાન બનાવવું, નાગરિક ક્રૂને જોખમમાં મૂકવું અને નેવિગેશનની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરવો તે અસ્વીકાર્ય છે.

### ભારત-નેધરલેન્ડ...

રહેલી પહેલોને પોતાનું સમર્થન પુનઃવ્યક્ત કર્યું હતું. બંને નેતાઓએ યુક્રેનની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. બંને દેશોએ ત્યાં ચાલી રહેલા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ટેકનોલોજી, જળ વ્યવસ્થાપન, સ્વચ્છ ઉર્જા, આરોગ્ય સંભાળ અને શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી હતી. અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં સહકારને વધુ ગાઢ બનાવવા માટે કેટલાક કરારો પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હતા.

બેઠકને સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત-નેધરલેન્ડ સંબંધોએ છેલ્લા દાયકામાં "મહત્વપૂર્ણ પ્રગતિ" જોઈ છે અને તેમણે નેધરલેન્ડને ભારતના અગ્રણી યુરોપિયન ભાગીદારોમાંના એક તરીકે ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો સમાન લોકતાંત્રિક મૂલ્યો, મજબૂત આર્થિક સહયોગ અને ઊંડા પરસ્પર લોક-સંપર્કો પર આધારિત છે. જળ વ્યવસ્થાપન, આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગ પર ભાર મૂકતા મોદીએ કહ્યું કે, લોકતાંત્રિક મૂલ્યો, બજાર અર્થતંત્ર અને જવાબદાર આચરણ એ આપણા સમાન અભિગમનો એક ભાગ છે. ઉભરતા ક્ષેત્રોમાં વધુ સહયોગની હાકલ કરતા મોદીએ જણાવ્યું હતું કે ભારત અને નેધરલેન્ડે ઈનોવેશન, સસ્ટેનેબિલિટી, રોકાણ અને સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવા માટે ડચ નિપુણતાને ભારતના ઝડપ અને કૌશલ્ય સાથે જોડવી જોઈએ.

### લઘુમતિઓ સંબંધી...

કાઢ્યા છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત એક જીવંત લોકશાહી છે જે તમામ નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ગેરંટી આપે છે. ભારતના વિદેશ મંત્રાલયના સચિવ સિબી જ્યોર્જે આ ટિપ્પણીઓ નેધરલેન્ડના વડાપ્રધાન રોબ જેટેન દ્વારા ભારતમાં અભિવ્યક્તિની સ્વતંત્રતામાં કથિત ઘટાડા અંગે વ્યક્ત કરાયેલી ચિંતાના અહેવાલો અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેધરલેન્ડની બે દિવસીય મુલાકાત અંગે જ્યોર્જ શનિવારે સાંજે ડચ રાજધાનીમાં મીડિયા સાથે વાતચીત કરી રહ્યા હતા.

### સ્પેસ ઇન્ટેલિજન્સ...

ગુપ્તચર વિભાગથી લઈને વીમા અને કટોકટી વ્યવસ્થાપન જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડી રહ્યા છે. રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ સહિત વધતા જતા વૈશ્વિક ભૂરાજકીય તણાવ વચ્ચે ICEYEની ટેકનોલોજીની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે.

મોડ્રઝેવસ્કીએ પીટીઆઈને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ભારતની જરૂરિયાતો અને અમે જે ઓફર કરીએ છીએ તે બંને વચ્ચે મજબૂત સામંજસ્ય છે. વૈશ્વિક સ્તરે, અમે બે મુખ્ય પ્રવાહો જોઈ રહ્યા છીએ: સંરક્ષણ ખર્ચમાં વધારો અને સ્પેસ-બેઝ્ડ ક્ષમતાઓનો ઝડપી સ્વીકાર. તેમણે ઉમેર્યું કે, ભારત આ બંને પ્રવાહોને પ્રતિબિંબિત કરે છે. દેશો તાજેતરના સંઘર્ષો પરથી શીખી રહ્યા છે કે ઈન્ટેલિજન્સ અને ડિફેન્સ માટે સ્પેસ એ આગામી મોરચો છે. અમે ડિફેન્સ અને ઈન્ટેલિજન્સમાં વિશેષતા ધરાવીએ છીએ, તેથી સ્વાભાવિક રીતે જ અમે ભારતને અમારા સોલ્યુશન્સ માટે એક મહત્વપૂર્ણ બજાર તરીકે જોઈએ છીએ.

### યુએઇના અણુ...

ઊર્જા કટોકટીને વધુ લંબાવવાની આશંકા જન્માવે છે. જ્યાં હુમલો થયો છે તે યુએઈનું એકમાત્ર અણુ વિજળી મથક છે. આ હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી કે યુએઈ દ્વારા પણ કોઈના પર આક્ષેપ કરવામાં આવ્યો નથી.

અંદાજે ૨૦ અબજ ડોલરનો બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ યુએઈ દ્વારા દક્ષિણ કોરિયાની મદદથી બનાવવામાં આવ્યો હતો અને તે ૨૦૨૦માં કાર્યરત થયો હતો. તે આરબ જગતનો સૌપ્રથમ અને એકમાત્ર પરમાણુ પાવર પ્લાન્ટ છે અને તે સાત શેખડમોના સંઘ એવા યુએઈની કુલ ઉર્જા જરૂરિયાતોનો ચોથો ભાગ (૨૫%) પૂરો પાડી શકે છે. યુએઈના ન્યુક્લિયર રેગ્યુલેટરે જણાવ્યું હતું કે આ આગના કારણે પ્લાન્ટની સુરક્ષા પર કોઈ અસર થઈ નથી. આ સંસ્થાએ એક્સ (X) પર લખ્યું, તમામ યુનિટ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. યુએઈના નિવેદનમાં આ હુમલા માટે કોઈ પક્ષ કે દેશને જવાબદાર ઠેરવવામાં આવ્યો નથી. વિયેના સ્થિત ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીએ જણાવ્યું હતું કે આ હુમલાને કારણે ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આગ લાગી હતી અને એક રિએક્ટરને ઈમરજન્સી ડીઝલ જનરેટર દ્વારા પાવર આપવામાં આવી રહ્યો હતો.

### શ્રીલકાના હંબનટોટા...

૯૯ વર્ષની લીઝ દ્વારા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા હંબનટોટા બંદર પર નિયંત્રણ મેળવ્યું હતું, જેણે આ મેગા ટ્રાન્ઝિટ હબના ભૌગોલિક સ્થાનને જોતા નવી દિલ્હીની ચિંતાઓમાં વધારો કર્યો હતો.

ગયા વર્ષે એપ્રિલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ ટાપુ રાષ્ટ્રની મુલાકાત બાદ બંને પાડોશી દેશો વેપાર અને વ્યૂહાત્મક સંબંધોને વધુ મજબૂત કરવાના પ્રયાસો કરી રહ્યા છે, તેવામાં નવી દિલ્હી આ નવી તક પર આતુરતાપૂર્વક નજર રાખી રહ્યું છે. માહિતગાર લોકોએ જણાવ્યું કે, રાજધાની કોલંબોથી લગભગ ૨૫૦ કિમી દૂર આવેલું મત્તાલા રાજપક્ષે ઈન્ટરનેશનલ એરપોર્ટ તેના શરૂઆતના પ્રથમ દાયકામાં ભારે મુશ્કેલીઓમાંથી પસાર થયું છે. મોટી મહત્વકાંક્ષાઓ સાથે ૨૦૧૩માં શરૂ થયેલા આ પ્રોજેક્ટનો ખર્ચ ૨૦૯ મિલિયન અમેરિકી ડોલર હતો, જેનું મુખ્ય ધિરાણ ચીનની એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક દ્વારા કરવામાં આવ્યું હતું. જો કે, આધુનિક ટર્મિનલ બિલ્ડિંગ અને ૩,૫૦૦ મીટરનો રનવે હોવા છતાં, તે વ્યાવસાયિક રીતે ટકી રહેવા માટે જરૂરી પેસેન્જર ટ્રાફિક અને એરલાઈન્સ આકર્ષવામાં નિષ્ફળ રહ્યું હતું. ભારતના પરિપ્રેક્ષ્યમાં, આ પ્રોજેક્ટ ટાપુ રાષ્ટ્ર પર પોતાના રાજકીય અને આર્થિક પ્રભાવને વિસ્તારવાના ચીનના વધતા જતા પ્રયાસોની પૃષ્ઠભૂમિમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.

આ બાબતથી વાકેફ એક વ્યક્તિએ જણાવ્યું કે, હંબનટોટામાં ભારતની હાજરી એ ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને હિંદ મહાસાગર ક્ષેત્ર માટેની 'વિઝન મહાસાગર' પ્રતિબદ્ધતાની એક નક્કર અભિવ્યક્તિ હશે, ખાસ કરીને એક નજીકના ભાગીદાર દેશમાં વિશ્વાસ-નિર્માણના રોકાણ તરીકે આ ખૂબ મહત્વનું છે.

# ગુજરાતમાંથીએકજદિવસમાં 500 કિલો ચાંદી ઝડપાઈ

### **ચાંદીની** હેરાફેરીનો મોટો પર્દાફાશ

### **એટીએસ** - જીએસટી -ક્રાઇમ બ્રાન્ચ એક્શનમાં

ગાંધીનગર : રાજ્યમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા વચ્ચે ગુજરાતમાં ચાંદીની મોટા પાયે હેરાફેરીનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. એક જ દિવસમાં અમદાવાદ અને રાજકોટમાંથી કુલ અંદાજે 500 કિલો ચાંદીનો જથ્થો ઝડપાતા રાજ્યની વિવિધ એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે.એક તરફ અમદાવાદના ગીતામંદિર બસ સ્ટેશન પરથી લક્ઝરી બસમાં લઈ જવાતી 100 કિલો ચાંદી ઝડપાઈ છે, તો બીજી તરફ રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી 400 કિલો જેટલો શંકાસ્પદ ચાંદીનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. બંને મામલાઓમાં ટેક્સ ચોરી, ગેરરીતિપૂર્ણ બિલિંગ અને હેરાફેરીના એંગલથી તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં ગીતામંદિર બસ સ્ટેશન પરથી રાજકોટ જઈ રહેલી લક્ઝરી બસમાંથી એક વ્યક્તિ પાસેથી અંદાજે 100 કિલો ચાંદી મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે ઝડપાયેલા જથ્થામાંથી આશરે 80 ટકા ચાંદી માટે કોઈ માન્ય બિલ રજૂ કરવામાં આવ્યું નહોતું. મહત્વની વાત એ છે કે ચાંદીના આ જથ્થા પર હજુ સુધી કોઈએ માલિકીનો દાવો પણ કર્યો નથી. હાલ સ્ટેટ જીએસટી વિભાગે જથ્થો કબજે લઈને વધુ તપાસ શરૂ કરી છે. બીજી તરફ રાજકોટના રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પણ ચાંદીની મોટી હેરાફેરી ઝડપાઈ છે. અંદાજે 10 કરોડની કિંમતનો 400 કિલો જેટલો શંકાસ્પદ ચાંદીનો જથ્થો મુંબઈથી રાજકોટ આવી રહેલી એર ઈન્ડ્યાની ફ્લાઈટ મારફતે કાર્ગોમાં આવ્યો હતો. કાર્ગોની તપાસ દરમિયાન સમગ્ર મામલો બહાર આવ્યો હતો.મળતી માહિતી મુજબ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સીને ચાંદીની હેરાફેરી અંગે ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે ગુજરાત એટીએસને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત એટીએસ અને રાજકોટ સીટી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ**
વહીવટી વોર્ડ નંબર 12 ની કચેરી પાસેથી જુના પાદરા રોડ મુખ્ય રસ્તા ને જોડતા રસ્તા પર ભારદરી વાહનોની કાયમી ધોરણે અવરજવર બંધ થાય તે હેતુથી બેરીકેડ લગાવવાની કામગીરી કરવામાં આવનાર છે જેની સદર રસ્તા પર બેરીકેડ લગાવવાની કામગીરી કરવાની હોવાથી અંદાજે તારીખ 20/5/2026 થી રસ્તો બંધ રાખવો પડશે આમ જ્યારે રસ્તો બંધ હોય અન્ય રસ્તા નો ટ્રાફિકની અવરજવર કરવા ઉપયોગ કરવાનો રહેશે.
ઉપરોક્ત જાહેર નોટીસ ને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવી છે.
P.R.O.No.૮૨/૨૬-૨૭ કા.ઈ., ટ્રાફિક શાખા